ઈમિગ્રેશનઃ ખબર-અંતર

# ઓબામા ઇમિગ્રેશનનો વારસો-જોબ પોર્ટેબિલિટી સરળ બનાવવા કુશળ શ્રમ નિયમન

લાંબા સમયથી જેની રાહ જોવાતી હતી તે યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (ડીએચએસ) નિયમન, 'ઇબી-



માઈકલ ફુલવાની ડેવિડ એચ. નાચમેન લુડકા ઝિમોવચાક

૧, ઇબી-૨ અને ઇબી-૩ વસાહતી કામદારો અને ઉચ્ચ કુશળતા ધરાવતા બિનવસાહતી કામદારોને અસર કરતા કાર્યક્રમોના સુધારાઓમાં અવરોધ'નો અંતિમ તબક્કો તાજેતરમાં જાહેર કરવામાં આવ્યો હતો અને ૧૭મી જાન્યુઆરી, ૨૦૧૭થી તેનો અમલ શરૂ થશે.

આ નિયમ વર્તમાન નિયમોમાં અપડેટ અને સુધારા કરશે તેમ જ ઉચ્ચ-કુશળ બિનવસાહતી કામદારોને ટકાવી રાખવા અને સ્પોન્સર કરવા, યુએસ રોજગારદાતાઓને વધુ સક્રિય બનાવવા, રોજગાર-આધારિત વિઝા કાર્યક્રમોને લગતું માર્ગદર્શન આપશે.

નવો નિયમ તદ્દન સર્વગ્રાહી છે અને કુશળ કામદાર વિઝાની ઝીણી ઝીણી બાબતો ધરાવતાં અનેક ક્ષેત્રોને અસર કરે છે. તેમ છતાં ચાવીરૂપ દરખાસ્તો કે જેમાં રોજગારદાતાઓ-વિદેશી કામદારોને રસ પડી શકે છે, જેની નીચે મુજબ ચર્ચા કરાઈ છેઃ

**૧. એપ્રુવ્ડ ઈમિગ્રન્ટ વિઝા (આઈ-૧૪૦) પિટિશનોનો અવરોધઃ** નવા નિયમો સ્પષ્ટ કરે છે કે ઇચ્છુક વસાહતી કામદાર માટે એપ્રુવ્ડ આઇ-૧૪૦ ઇમિગ્રન્ટ પિટિશન-રોજગારદાતા દ્વારા સબમિટ થયેલી પિટિશન કાયમી રોજગારની ઓફર દર્શાવે છે - પિટિશન કરનાર રોજગારદાતા દ્વારા પાછી લેવાયેલી પિટિશનના આધારે આપોઆપ રદ કરી શકાશે નહિ.

આઇ-૧૪૦ની મંજૂરી અથવા એડજસ્ટમેન્ટ ઓફ સ્ટેટ્સ માટેની સંલગ્ન અરજી આઇ-૪૮૫ પછી રોજગારદાતાના કામગીરીના ૧૮૦ દિવસના ટર્મિનેશન પર આધારિત આપોઆપ રદ કરી શકાશે નહિ. જોકે નવા નિયમો સ્પષ્ટ કરે છે કે ઇચ્છુક વસાહતી કામદારો આઇ-૧૪૦ મંજૂરી ટકાવી શકશે નહિ.

**૨. અગ્રિમ તારીખોમાં અવરોધઃ** જે તે વ્યક્તિની 'અગ્રિમ તારીખ' ઇમિગ્રન્ટ વિઝા નંબરની લાઇનમાં તેની જગ્યા નક્કી કરે છે. ઇચ્છુક વસાહતી કામદાર આઇ-૧૪૦ પિટિશન સાથે સંલગ્ન અગ્રિમ તારીખ જાળવી રાખે છે. અન્ય શબ્દોમાં કહીએ તો, પિટિશન મંજૂર થાય ત્યારે ઇચ્છુક વસાહતી કામદાર તેની પોતાની અગ્રિમ તારીખ જાળવી રાખે છે.

**૩. જોબ પોર્ટેબિલિટીઃ** નવા નિયમો ટ્વેન્ટી-ફર્સ્ટ સેન્ચુરી એક્ટ ઓફ ૨૦૦૦ (એસી૨૧)માં અમેરિકન કોમ્પ્રિહેન્સિવનેસની પોર્ટેબિલિટી પ્રોવિઝન સ્પષ્ટ કરે છે. આ નિયમો નવું લેબર સર્ટિફિકેશન અથવા આઇ-૧૪૦ પિટિશનની જરૂરિયાત વગર એડજસ્ટમેન્ટ ઓફ સ્ટેટસ અરજીકર્તાને નોકરી અથવા રોજગારદાતાઓ બદલવાની મંજૂરી આપે છે.

જો એડજસ્ટમેન્ટ ઓફ સ્ટેટસ માટેની અરજી ૧૮૦ દિવસ અથવા વધુ દિવસ માટે પેન્ડિંગ હોય અથવા મૂળ એપ્રુવલ ઇમિગ્રન્ટ વિઝા પિટિશનમાં નોંધાયેલી સ્થિતિ પ્રમાણે રોજગારીની નવી ઓફર 'સમાન અથવા સમાંતર ઓક્યુપેશનલ ક્લાસિફિકેશન'માં હોય. નવા નિયમો મુજબ એડજસ્ટમેન્ટ ઓફ સ્ટેટસ અરજીકર્તાએ સપ્લિમેન્ટરી ફોર્મ (ફોર્મ આઇ-૪૮૫ સપ્લિમેન્ટ જે) ભરવાની જરૂર પડે છે. નવા નિયમો સ્પષ્ટ કરે છે કે યુએસ સિટિઝનશિપ એન્ડ ઇમિગ્રેશન સર્વિસીસ (યુએસસીઆઇએસ)માંથી મળેલી રિક્વેસ્ટના પ્રતિભાવમાં અરજીકર્તાએ દ્રઢતાપૂર્વક સપ્લિમેન્ટ રજૂ કરવી જોઈએ.

**૪. નોનઈમિગ્રન્ટ ગ્રેસ પિરિયડ્સઃ** નવા નિયમો ચોક્કસ નોનઇમિગ્રન્ટ વર્કર્સ માટે બે અલગ ગ્રેસ પિરિયડ સ્થાપિત કરે છે, જ્યારે બિનવસાહતી વિદેશી કામદારની નોકરી પૂર્ણ થાય છે, ત્યારે બિનવસાહતી વિદેશી કામદાર (અને તેના આશ્રિતો), ૬૦ દિવસ સુધી અથવા હયાત મર્યાદા સમય પૂર્ણ થાય ત્યાં સુધી બેમાંથી જે ઓછો ગાળો હોય, તે વનટાઇમ સિંગલ ગ્રેસ પિરિયડ માટે માન્ય ગણાય છે. આ બાબત જે તે વ્યક્તિને ઇ-૧, ઇ-૨, ઇ-૩, એચ-૧બી, એચ-૧બી૧, એલ-૧; ઓ-૧ અથવા ટીએન સ્ટેટસમાં લાગુ પડે છે.

નવા નિયમો સ્પષ્ટ કરે છે કે ઇ-૧, ઇ-૨, ઇ-૩, એચ-૧બી, એચ-૧બી૧, એલ-૧, ઓ-૧ અથવા ટીએન બિનવસાહતીઓ (અને તેમના આશ્રિતો) દસ દિવસના ગ્રેસ પિરિયડ માટે માન્ય છે, જે હાલમાં ફક્ત એચ-વનબી કામદારો માટે ઉપલબ્ધ છે.

**૫. છ વર્ષથી વધારે એચ-વનબી એક્સટેન્શનઃ** નવા નિયમો ડીએચએસની કરન્ટ પ્રેક્ટિસ કન્ફર્મ કરે છે જે એસી-૨૧ અંતર્ગત છ વર્ષથી વધુમાં વધુ સમયગાળાથી વધારે રોકાણના એચ-વનબી સ્ટેટસને મંજૂરી આપે છે, આ ઉપરાંત કેટલીક વધારાની સ્પષ્ટતાઓ પૂરી પાડે છે.

**૬. એચ-વનબી કામદારો માટે પોર્ટેબિલિટીઃ** બિનવસાહતી વિદેશી કામદાર સતત એચ-વનબી ચેન્જ ઓફ એમ્પ્લોયર પિટિશનો પોતાના વતી ફાઈલ કરી શકે છે. કામદાર પોતાના કામની માન્યતાનો દરજ્જો જાળવવા રાખી શકે છે.

**૭. એચ-વનબી કેપમાંથી મુક્તિઃ** વર્તમાન નીતિ મુજબ, એચ-વનબી બિનવસાહતી કામદારો તેઓની રોજગાર પર આધારિત કેપમાંથી મુક્ત છે ૧. ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ, ૨. આ પ્રકારની સંસ્થા સાથે સંલગ્ન બિનનફાકારક સંસ્થા, અથવા ૩. સરકારી અથવા બિનનફાકારક સંશોધન સંસ્થા.

**૮. અનિવાર્ય સંજોગોમાં રોજગાર માન્યતા માટેની યોગ્યતાઃ** નવા નિયમોમાં ડીએચએચ એપ્રુવ્ડ આઈ-૧૪૦ પિટિશનો (અને તેઓના આશ્રિતોને)ના ચોક્કસ લાભાર્થીઓને એક વર્ષના સમયગાળાના રોજગાર માન્યતા માટે અરજી કરવાની મંજૂરી આપે છે.

નવા નિયમો એ સ્પષ્ટ કરે છે કે આગળના સંજોગોની ગણના આમાં કરવામાં આવી નથી.

**૯. એમ્પ્લોયમેન્ટ ઓથોરાઈઝેશન ડોક્યુમેન્ટ પ્રોસેસિંગઃ** નવો નિયમ ૧૮૦ દિવસ સુધી એમ્પ્લોયમેન્ટ ઓથોરાઈઝેશન ડોક્યુમેન્ટના આપોઆપ વિસ્તરણ માટે મંજૂરી આપશે. નવા નિયમોમાં ડીએચએસ દ્વારા ઇએડી અરજીની મેન્ડેટ એજ્યુડિકેશનની દરખાસ્તો પણ ૯૦ દિવસના સમયગાળામાં નાબૂદ કરાઈ છે.

અંતે, ડીએચએસે પણ સલાહ આપી હતી કે એજન્સી ફાઈલિંગ પોલિસી સ્વીકારશે, જે નાગરિકોને ૧૮૦ દિવસ સુધી ઇએડી રિન્યુઅલ એપ્લિકેશન ફાઈલ કરવાની મંજૂરી આપશે.

આ અંગે વધુ માહિતી માટે તમે અમારા ઇમિગ્રેશન એન્ડ નેશનાલિટી લોયર્સ અથવા એટર્નીઝ સાથે વાત કરી શકો છો, નાચમન ફુલવાની ઝિમોવક (એનપીઝેડ) લો ગ્રુપ, પી. સી.નો ઈ-મેઇલ Info@visaserve.com પર સંપર્ક કરી શકો છો અથવા ૨૦૧-૬૭૦-૦૦૦૬ (૧૦૭) પર ફોન કરી શકો છો.

To advertise in GUJARAT TIMES call